**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૮ ટકા

# બોર્ડની પરીક્ષા દરમિયાન શાળામાં પ્રાથમિક સુવિધા સાથે દિવ્યાંગો માટે જગ્યા આરક્ષિત કરાશે

## પરીક્ષા દરમિયાન શાળા સંકુલમાં ઈન્ટરનેટ સુવિધા બંધ રાખવા આદેશ

ગાંધીનગર, તા.૪

આજે બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે પરીક્ષાના સ્થળ ઉપર બોલાવવામાં આવેલી બેઠકમાં શિક્ષકોને પરીક્ષા ખંડમાં મોબાઈલ નહીં વાપરવા માટે સુચના આપવામાં આવી હતી. સાથે પરીક્ષા દરમિયાન સમગ્ર શાળા સંકુલમાં ઈન્ટરનેટની સુવિધા બંધ રાખવા પણ આદેશ આપવામાં આવ્યો છે. જેથી ગેરરીતીના બનાવો ટાળી શકાય. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવા તેમજ શાળાના સીસીટીવી કેમેરાને પણ પરીક્ષાના પ્રારંભ પહેલ ચેક કરી લેવા માટે આદેશ અપાયો છે.

ગાંધીનગર જિલ્લામાંથી લગભગ ધો-૧૦ અને ૧૨ના થી ૫૩ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે અને આ પરીક્ષા વિદ્યાર્થીઓની કારકીર્દી માટે પણ અતિ મહત્વની હોવાને કારણે શિક્ષણ વિભાગ દ્વારા પણ પરીક્ષાર્થીઓને તકલીફ ન પડે તે માટે ચિંતિત છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વઢેરે તાજેતરમાં પરીક્ષાના સ્થળે સંચાલકોની ખાસ બેઠક બોલાવી હતી. જેમાં શાળાના આચાર્યોને અગત્યની સુચના આપવામાં આવી હતી. જે માહિતી મુજબ શાળામાં ગેરરીતીની સાથે પરીક્ષાર્થીઓનું ધ્યાનભંગ ન થાય તે માટે મોબાઈલ ફોન પરીક્ષા ખંડમાં કે સ્થળમાં નહીં વાપરવા માટે તમામ શાળામાં જણાવાયું છે. આ ઉપરાંત ત્રણ કલાકની પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થીઓને ઠંડુ પાણી મળી રહે તે માટે પણ ટકોર કરવામાં આવી છે. વર્ગખંડમાં યોગ્ય સુવિધા તથા દરેક પરીક્ષાનું સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ કરીને ઝોનલ ઓફીસમાં સમયસર પહોંચાડવાની સાથે સીસીટીવી કેમેરાને પરીક્ષા પહેલા ચેક કરી લેવા માટેની સુચના શિક્ષણાધિકારી દ્વારા આપવામાં આવી છે. આ સાથે પ્રથમ માળ દિવ્યાંગ માટે આરક્ષિત કરવા સાથે વિદ્યાર્થીને જો આકસ્મિક સંજોગોમાં સારવારની જરૂર પડે તો પ્રાથમિક સારવારની કીટ પણ તૈયાર રાખવા જણાવાયું છે.



રંગોનો ઉત્સવ હોળી હવે સાવ નજીક છે. રંગોત્સવને માણવા અબાલવૃધ્ધ સૌ અધીરા બન્યા છે. એમાંય બાળકોનો ઉત્સાહ તો સમાતો નથી. ભલે વાર્ષિક પરીક્ષાઓ નજીકમાં હોય પરંતુ બાળકોને રંગોત્સવ માણતા કોઈ રોકી શકે નહીં. હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે બજારોમાં જાતભાતના રંગની અને આકારની પીચકારીઓ આવી ગઈ છે. જોઈને જ જીવ લલચાઈ જાય છે. જો કે તેમાં હજુ જોઈએ તેવી ઘરાકી શરૂ થઈ નથી. વેપારીઓ ઘરાકી ઉઘડે તેની રાહ જોઈ રહ્યા છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**થપ્પડ**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**ગોળ કેરી**
૯.૪૦, ૧૨.૨૦, ૩.૦૦, ૭.૫૫, ૧૦.૩૫
**કુકી** - ૫.૪૦
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૨.૫૫, ૨.૪૦, ૭.૪૫, ૧૦.૨૦
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૪૦, ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૪૫
**મલંગ** - ૯.૩૦, ૧૦.૧૫
**તાન્હાજી** - ૧૧.૫૫

**સિટી પલ્સ, કુડાસણ**

**થપ્પડ** - ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦
**ગોળ કેરી**
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૭.૦૦
**ભૂત ધ હોન્ટેડ શીપ** - ૨.૪૫
**દૂરદર્શન** - ૫.૦૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૧૫



ગાંધીનગર એટલે બાગ બગીચાઓનું નગર. અહીં દરેકે દરેક સેકટરમાં બગીચાઓ જોવા મળી જાય છે. શહેરના સ્થાપના કાળથી જ અહીં વિવિધ સેકટરોમાં બગીચાઓ બનાવાયા છે. કયાંક બગીચાઓ ઉજ્જડ બન્યા છે તો કયાંક રીનોવેશન કરી તેને નવો ઓપ અપાયો છે, તો કયાંક નવા બગીચાઓ શહેરને શોભાવી રહ્યા છે. સેકટર-૧૯માં પુનિતવન તો વર્ષો અગાઉ બનાવાયું હતું પરંતુ છેલ્લા કેટલાક સમયમાં તેમાં નવા આકર્ષણો ઉમેરાયા છે. વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓના સ્ટેચ્યુ પુનિતવનને શોભાવી રહ્યા છે.

# સેકટર-૮ સરકારી મકાનમાંથી ૮૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની વીઆઈપી ગણાતા સેકટર-૮ ઘ ટાઈપ સરકારી મકાનમાં ચોરીની ઘટના બની છે. દંપતિ નોકરી કરતા હોવાથી બાળકને સાચવવા માટે અને કચરા-પોતું તેમજ વાસણ ધોવા માટે બહેનો આવતી હતી. જેના માટે દરવાજાની ચાવી બુટ મુકવાના ખાનામાં મુકતા હતા. ત્યારે તા.૧૪ થી ૨૭ ફ્રુબુઆરી દરમિયાન સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપીયા સહિત ૮૫ હજારની ચોરી થવા પામી છે. બનાવ અંગે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૮ બ્લોક નં.૬૯૪-૩ ઘ ટાઈપ ખાતે રહેતા અમિતકુમાર બિપીનચંદ્ર રાણા ડીસીબી બેંકમાં મેનેજર છે જયારે તેમના પત્ની કુંજલબેન રતનપુર પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. દંપતિ નોકરી કરતુ હોવાથી તેમણે ઘરમાં કચરા પોતા કરવા માટે બે બહેનોને રાખેલા છે અને પોતાના ૧૪ માસના દિકરાને સાચવવા માટે માટે આયાબેન રાખ્યા છે. તા.૨૭ ફ્રેબુઆરીના રોજ સવારે તેઓને પૈસાની જરુરી પડતા તિજોરપીના લોકર ખોલતા અંદર પડેલા ૨૧,૫૦૦ રોકડા ગુમ હતા.આ સાથે એક બોક્ષમાં મુકેલા સોનાનું ડોકીયું, એક બુટ્ટી, ચાંદીના ૭ સિક્કા, મળી ૬૩,૫૦૦ કિંમતના દાગીના પણ ગાયબ હતા. કામ કરવા માટે આવતી બહેનો માટે દંપતિ ઘરની ચાવી બુટના ખાનામાં મુકતુ હતું.જયારે તિજોરીની ચાવી મુખ્ય દરવાજાની સામે આવેલા દિવાસ પર ચાવીઓ મુકવાના સ્ટેન્ડ પર રહેતી હતી. દંપતિએ બહેનોની પોતાની રીતે પુછપરછ કરી હતી પરંતુ કંઈ હાથ ન લાગતા આખરે કુંજલબેને સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે. જો કે ઘરકામ માટે આવતી બહેનો અંગે ફરીયાદમાં કોઈ સંકા વ્યકત કરી નથી

## સુર-નાદ મ્યુઝિકલ ગૃપ દ્વારા ૭મીએ ‘સુમધુર ગુર્જરી’

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી સુર-નાદ મ્યુઝિકલ ગૃપ દ્વારા તા. ૭મી માર્ચના રોજ ડૉ. આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે રાત્રે સાડા આઠ વાગ્યે સુમધુર ગુર્જરી ગીતોની રસધારાના મથાળા હેઠળ ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપવા માટેનો ગુજરાતી ગીત ગઝલનો ઓરકેસ્ટ્રા સાથેનો કાર્યક્રમ યોજેલ છે. રસ ઈચ્છુકોને નિઃશુલ્ક પ્રવેશ મળશે. ગાંધીનગરના નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે તેમ ગૃપ એડમિન અને આયોજક બિરેન બુટાણીએ જણાવેલ છે.

# આલમપુર શાકમાર્કેટના પાર્કિંગમાંથી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા આલમપુર હોલસેલ શાકમાર્કેટના પાર્કિંગમાંથી રીક્ષાની ચોરી થવા પામી છે.શાકમાર્કેટમાં મજુરી કામઅર્થે આવતા વ્યકિતની રીક્ષા તા.૨૫ ફ્રબુઆરીના રોજ ચોરી થઈ છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ૫૫ હજારની રીક્ષા ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના ટીટોદણ ગામમાં રહેતા રાજુ નટવરભાઈ રાવળ ઉં.વ.૩૬ પોતાની રીક્ષા નં. જી.જે.૧૮.એ.યુ.-૦૯૨૮ લઈને આલમપુર શાકમાર્કેટ આવ્યા હતા.તા.૨૫ ફ્રેબુઆરીના રોજ સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં શાકમાર્કેટ ખાતે મજુરી કામ માટે આવ્યા હતા. ત્યારે સાથે કામ કરતા અન્ય કર્મચારીએ ફોન કરીને રાજુભાઈને જણાવ્યું હતું કે તમારી રીક્ષા કોઈ લઈને નીકળ્યું હોવાનું કહ્યું હતું. જેથી તાત્કાલીક પાર્કીંગમાં દોડી આવેલા રાજુભાઈએ જોયુ તો રીક્ષા ગાયબ હતી.થોડા દિવસ પોતાની રીતે તપાસ કર્યા બાદ તેમણે રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મધુર ડેરીને ‘અમૂલ ગ્રીન પ્લાન્ટેશન એવોર્ડ’




ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મધુર ડેરી ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૯ દરમિયાન ગાંધીનગર જિલ્લાના વિસ્તારોમાં સંસ્થાના ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણાના માર્ગદર્શન હેઠળ ૪૩ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ કામગીરીને ધ્યાનમાં લઈ વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે નિમિત્તે સંસ્થા મેનેજીંગ ડાયરેકટરને ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. દ્વારા અમૂલ ગ્રીન પ્લાન્ટેશન એવોર્ડ ૨૦૧૯-૨૦ એનાયત કરવામાં આવ્યો હતો.

# ચંદ્રાલા પાસેથી ચાર બોટલ દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ચિલોડા પોલીસ મથકના સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ વિજયસિંહને ખાનગી રીતે બાતમી મળી હતી કે ચંદ્રાલા પાસે હાઈવે પરથી પોલીસે ગીરીશ મગનભાઈ પરમાર (ઉં.વ.૨૭ રહે.વણઘોર પરમાર ફળીયું વિજયનગર સાબરકાંઠા)ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસે રહેલો થેલો ચેક કરતા વિદેશી દારુની ૪ બોટલ મળી આવી હતી. ચિલોડા પોલીસે ૧૨૦૦૦ ની કિમતની ચાર બોટલ જપ્ત કરી યુવક સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુંદરધામ પરિવાર દ્વારા હરિદ્વાર યાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૪

સુંદરધામ પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ માસમાં હરિદ્વારની પાવન ભુમિમાં ભવ્ય કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે રામાયણ કૃત સુંદરકાંડ પાઠ કથા પાંચ દિવસ યોજાશે. બાકીના દિવસો યાત્રા ઈચ્છુકને માટે ગોકુલ, મથુરા, વૃંદાવન દર્શન કરાવવામાં આવશે. રેલવે દ્વારા યાત્રા કરવાની હોવાથી વહેલી તકે પોતાનું નામ નોંધાવી ૮૧૨૧૨૧૭૦૫૦, ૯૩૭૪૧૭૭૧૮૪, ૯૪૨૮૫૯૫૭૪૧નો સંપર્ક કરી ફોર્મ ભરી દેવા સુંદરધામ પરિવાર દ્વારા જણાવાયું છે.

# ‘હેપ્પી સ્પેરો વીક-૨૦૨૦’ અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાઓને રાહતદરે ચકલી-ઘર અપાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં પણ સતત ચોથા વર્ષે હેપ્પી યૂથ ક્લબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ‘હેપ્પી સ્પેરો વીક’નું આયોજન કરવામાં આવ્યું છે. ‘હેપ્પી સ્પેરો વીક-૨૦૨૦’ નો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી થશે જે તા. ૩૧મી માર્ચ સુધી ઉજવાશે જેમાં શહેરમાં આશરે ૫ હજાર કરતા વધુ વ્યક્તિ દીઠ એક હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંકુલમાં તથા જાહેર સ્થળો ખાતે સમગ્ર ઉનાળાના સમય દરમ્યાન નિયમિત જળ સિંચન થાય તેવી વ્યવસ્થા સાથે આશરે ૫૦૦ જેટલી માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે દર




વર્ષે તારીખ ૨૦મી માર્ચના રોજ સમગ્ર દેશમાં પર્યાવરણ પ્રેમીઓ તથા પક્ષીપ્રેમીઓ સહિત જીવદયા પ્રેમીઓ દ્વારા “વિશ્વ ચકલી દિવસ”ની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગરની કુદરતી વનરાજીમાં વસતાં ચકલી, કાબર, મેના, પોપટ જેવા અને નાના કદના પક્ષીઓ ઉનાળાની ગરમીમાં પાણી વિના ટળવળી મોતને ભેટતાં અટકે અને તેમનું સંવર્ધન થાય તે હેતુથી હેપ્પી યૂથ ક્લબ દ્વારા ‘હેપ્પી સ્પેરો વીક’નું આયોજન કરવામાં આવે છે. ‘હેપ્પી સ્પેરો વીક-૨૦૨૦’ અંતર્ગત કોઈ સ્વૈચ્છીક સંસ્થાઓ કે પ્રકૃતિપ્રેમી સંથાઓને એક સાથે વધુ સંખ્યામાં હેપ્પી ચકલી-ઘર લેવા હોય તો તેમને રાહત દરે હેપ્પી ચકલી ઘર પૂરા પાડવામાં આવશે જે માટે સંસ્થાના મો.નં. ૯૯૨૪૪ ૪૬૬૪૫ અથવા ૯૬૦૧૬ ૦૧૫૫૮ પર સંપર્ક સાધી તા. ૮મી માર્ચ રવિવાર સુધીમાં પોતાના નામ અને જેટલા ચકલી-ઘર લેવાના હોય તેની સંખ્યા નોંધાવી દેવાની રહેશે. આ ઉપરાંત જે કોઈ સેવાભાવી પ્રકૃતિ પ્રેમી અથવા પક્ષી પ્રેમી ‘હેપ્પી સ્પેરો વીક-૨૦૨૦’માં જોડાઈને હેપ્પી ચકલી-ઘર વિતરણની કે અન્ય સેવા આપવા માંગતા હોય તેઓએ પણ તા. ૧૫મી માર્ચ સુધીમાં પોતાના નામ નોંધાવી દેવા સંસ્થા દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે વસંતોત્સવમાં ઓરીસ્સાનું ગોટીપુઆ નૃત્યુ તથા ભીખુદાન ગઢવી લોકસાહિત્યની વાતો રજુ થશે

ગાંધીનગર, તા.૪

વસંતોત્સવ – ૨૦૨૦ના “રજત જયંતિ વર્ષ” ની દરરોજ એક ભારત શ્રેષ્ઠ ભારતની થીમ પર ઉજવણી કરવામાં આવી રહી છે. વસંતોત્સવને જોવા આસપાસના વિસ્તારમાં વસતા લોકોની સાથે સાથે દેશ-વિદેશના નાગરીકો પણ આવે છે. જેમાં ભારતના વિવિધ પ્રાંતમાંથી દરરોજ પ્રસ્તુત થતા લોક નૃત્યોમાં આજે તા.૫/૦૩/૨૦૨૦ને ગુરૂવારના રોજ સરિતા ઉધાન ખાતે ઓરીસ્સા રાજયનું ગોટીપુઆ નૃત્ય રજુ કરવામાં આવશે. ગોટીપુઆનો ઉદભવ જગન્નાથ મંદીરમાં ૧૫ની શતાબ્દીમાં થયો હતો તેમ માનવામાં આવે છે. આ નૃત્ય છોકરાઓ દ્વારા જ યુવતીઓનો વેશ ધારણ કરી કરવામાં આવે છે.

ગુજરાતના કલાકારોની રજૂઆતમાં પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી લોકગીત અને લોકસાહિત્યની વાતો રજુ કરશે. લોકગીતો અને લોક સાહિત્યની વાતોનો પ્રચાર પ્રસાર કરનાર એવા ભીખુદાનભાઈ ગઢવીનું ચારણી સાહિત્યના લોકો સુધી પહોંચતુ કરવામાં અનેરૂ યોગદાન છે, તેમની સાથે શ્રી હિમાંશુ ચૌહાણ અને સુશ્રી ઈન્દીરાબેન શ્રીમાળી દ્વારા લોકગીતો રજુ કરવામાં આવશે.

આ ઉપરાંત સંસ્કૃતિકુંજમાં ઉભા કરાયેલા હેન્ડીક્રાફટ બજારમાં લોકો હાથશાળની બનાવટની ખરીદી કરી શકે છે અને સરિતા ઉદ્યાન પાસે ફુડ કોર્ટમાં ઉભા કરાયેલા ૧૦૦ જેટલા સ્ટોલમાં ગુજરાતની જાણીતી અને ચટાકેદાર વાનગીઓનો આસ્વાદ પણ માણી શકે છે.

**ચિરવિદાય**

- સ્વ. મેજીડા મોહનભાઈ જેરામભાઈ, ઉ.વ. ૮૬
- સ્વ. ભાનુબેન માલજીભાઈ દેસાઈ, ઉ.વ. ૬૩

# કોરોના વાઈરસના ભય વચ્ચે બેવડી ઋતુના કારણે બિમારીઓનું પ્રમાણ વધ્યું

## ઋતુ સંધિકાળ અને પાનખરમાં ઉડતી પરાગરજને પગલે ‘વાઈરલ’ બિમારીઓનો વ્યાપ વધ્યો : શરદી-સળેખમ, તાવ-ખાંસી, એસીડીટી-અપચો તથા માથું-હાથ પગ તુટવા જેવી ફરિયાદો વધી : દવાખાના દર્દીઓથી ઉભરાયા

### માસ્ક અને હેન્ડવોશ લિકવીડનો ઉપાડ વધ્યો

બેવડી ઋતુના કારણે શહેરમાં પ્રસરેલી ‘વાઈરલ’ બિમારીનો વ્યાપ વધી રહ્યો છે. અને બીજી તરફ ‘કોરોના’ વાઈરસનો ઉભો થયેલો વૈશ્વિક ભય પણ નાગરિકોને ચિંતા કરાવી રહ્યો છે ત્યારે બંનેથી બચવા વારંવાર હાથ-પગ-ચહેરાને સ્વચ્છ પાણીથી ધોવા, હેન્ડવોશનો ઉપયોગ કરવા તેમજ માસ્ક પહેરવા સલાહ અપાઈ રહી છે. શહેરમાં હેન્ડવોશ લિકવીડ અને માસ્કનો ઉપાડ પણ વધ્યો છે અને કેટલાક સ્ટોર્સ પર તેનો જથ્થો ખૂટી પડયો હોવાની વાતો પણ પ્રાપ્ત થઈ રહી છે.

ગાંધીનગર, તા.૪

શહેરના વાતાવરણમાં છેલ્લાં સપ્તાહથી સતત બેવડી ઋતુ અનુભવાઈ રહી છે જેમાં દિવસે ઉનાળાનો માહોલ અને મોડી રાત્રિ પછી શિયાળાની ઠંડીની સ્થિતિ સર્જાઈ રહી છે. આયુર્વેદમાં જેને ઋતુ સંધિકાળ કહેવામાં આવે છે તેવી આ પરિસ્થિતિના પગલે શહેરીજનો ઋતુજન્ય બિમારીઓ જેવી કે શરદી-સળેખમ, ખાંસી-ઉધરસ, તાવ-એસીડીટી, અપચો-ગેસ તથા માથાનો-પેટનો દુઃખાવો વગેરેના ભોગ બની રહ્યા છે. તેમજ હાથ પગ તુટવા જેવી સ્થિતિ પણ અનુભવાઈ રહી છે. આ પ્રકારના વાતાવરણને કારણે શહેરના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે અને અત્યારે ‘કોરોના’ વાઈરસના વૈશ્વિક જોખમને પગલે શહેરીજનોમાં ચિંતા વ્યાપતી પણ દેખાઈ રહી છે. વળી, હાલ ચાલી રહેલી પાનખરને પગલે પણ વધુ પ્રમાણમાં ઉડતી પરાગરજ એલર્જીના દર્દીઓ સહિત તમામમાં વાઈરલ બિમારી ફેલાવવા માટે જવાબદાર હોવાનું જણાય છે.

ચીન-જાપાન જેવા વિકસિત દેશોથી માંડીને વિશ્વના અનેક દેશોમાં પ્રસરવા સાથે ભારતમાં પણ ‘દસ્તક’ દઈ રહેલા કોરોના વાઈરસને પગલે શહેરમાં નાગરિકોમાં ચિંતાનું મોજું તો જોવા મળી રહ્યું જ છે તે સ્થિતિમાં વિદાય લઈ રહેલા શિયાળા અને આવી રહેલા ઉનાળાના પગલે સર્જાયેલી બેવડી મૌસમના વાતાવરણમાં વાઈરલ બિમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. કફના કારણે શરદી, તાવ, ખાંસી વગેરેના દર્દીઓ સૌથી વધુ જોવા મળી રહ્યાં છે તો ગરમીના પગલે એસીડીટી, અપચો જેવી તકલીફો પણ માથું ઉંચકી રહી છે. શહેરના લગભગ દર બીજા ઘરમાં શરદી-સળેખમ અને ઉધરસ-ખાંસી તથા સતત છીંકો આવવી, નાકમાંથી પાણી પડવું જેવી તકલીફો જોવા મળી રહી છે. સતત બેવડી ઋતુના મારને કારણે ઘરગથ્થું ઉપચારો પણ વધુ અસરકારક થઈ નથી રહ્યાં તેવી સ્થિતિમાં શહેરના તબીબોને તડાકો પડી જવા પામ્યો છે અને દવાખાનાઓમાં ‘વાઈરલ’ના શિકાર દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે.

### ખજૂર-ધાણી અને ગાયના ઘીનો પ્રયોગ હિતકારી

હોળાષ્ટકનો સમય એ ઋતુ સંધિકાળનો સમયગાળો છે જે દરમિયાન ‘વાઈરલ’ બિમારીઓ થવી સામાન્ય છે જેનાથી બચવા ખૂજર-ધાણીનું સેવન ઉત્તમ ગણાય છે. વળી, ‘વાઈરલ’ બમારીનો વ્યાપ વધુ હોય તો ગાય ઘીનું નસ્ય લેવુ આયુર્વેદ મુજબ હિતકારી છે. જે આ બિમારી ઉપરાંત ‘કોરોના’ વાઈરસથી પણ બચાવશે તેવા દાવો કરતા મેસેજ તથા વિડિયોઝ સોશ્યલ મિડિયા પર હાલ ખૂબ ‘વાઈરલ’ થઈ રહ્યા છે.